©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ હેઠળ હુકમ

વંચાણમાં લીધુ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એલસીબી/મજૂર-કામદાર જા.ના/૧૦૫૧/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

નં.ડીસી/જાહેરનામું/વશી ૬૪૪૩ થી ૬૪૭૪/૨૦૨૫:- ગુપ્તચર એજન્સીઓ તરફથી સમયાંતરે મળતા ઈનપુટોને ધ્યાને રાખી ગાંધીનગર ખાતે આવેલ માન.રાજ્યપાલશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી, માન.મંત્રીશ્રીઓના તેમજ અન્ય મહાનુભાવશ્રીઓના નિવાસસ્થાન, વિધાનસભા, ગુજરાત રાજ્યની અગત્યની કચેરીઓની સુરક્ષા વ્યવસ્થા જાળવવી ખૂબ જ જરૂરી છે. આ સાથોસાથ ગાંધીનગર જિલ્લાના હદવિસ્તારમાં બનતા ધાડ, લૂંટ, ખૂન, ઘરફોડ ચોરી જેવા મિલ્કત વિરુદ્ધના અને શરીર સંબંધી ખૂબ જ ગંભીર પ્રકારના ગુનાઓમાં ઘણી વખતે ગાંધીનગર ખાતે બહારથી પરપ્રાંતના મજૂરી અર્થે કે કર્મચારી તરીકે આશરો મેળવી પોતાની પ્રવૃતિને અંજામ આપી જતા રહેતા હોવાનું અમુક બનાવોથી તેમજ અનુભવે જણાવેલ છે. જેમાં મહંદઅંશે આવા મજૂરો પરપ્રાંતના હોય છે. તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. જેના પરીણામે તેઓને પકડવું મુશ્કેલ ભર્યું બને છે. તેમજ આવા મજૂરો ઉપર વોચ રાખી શકાતી નથી અને આવા મજૂરો/કામદારોને રાખનાર માલિકો આવા મજૂરોની માહિતી રાખવા તથા પોલીસને માહિતી આપવા બાબતે ગંભીર હોતા નથી.

ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં ભૂતકાળમાં ઘરફોડ ચોરી તથા વાહન ચોરી જેવા ગુન્હાઓમાં મજૂરી અર્થે ગાંધીનગર જિલ્લા બહારથી આવતાં અન્ય રાજ્યોના ઇસમોની સંડોવણી જણાઇ આવેલ અને તેઓને પકડી અટક પણ કરવામાં આવેલ. જેથી, આવી રીતે જિલ્લા બહારથી આવતા મજૂરોની જ્યાં કામ કરતાં હોય ત્યાં સંપૂર્ણ વિગતો રાખવી ખૂબ જ જરૂરી છે. ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં આવેલ છત્રાલ ખાતે એક્સીસ બેંક તથા વાવોલ ખાતે આવેલ એસ.બી.આઇ. બેંકમાં ફાયરીંગ કરી લૂંટ તથા પોલીસ ઉપર ફાયરીંગ જેવા ગંભીર ગુન્હાઓમાં ઉત્તર પ્રદેશ/બિહારથી મજૂરી અર્થે આવેલ ઇસમોની સંડોવણી બહાર આવેલ. તેમજ અગાઉ પણ ગાંધીનગર ખાતે બનેલ આવા પ્રકારના બનાવોમાં ઉત્તર પ્રદેશ/બિહાર/મધ્ય પ્રદેશ/રાજસ્થાન તથા દાહોદ/ગોધરા જિલ્લાના બહારથી મજૂરી/ઘરઘાટી તરીકે આવેલા ઇસમોની સંડોવણી જણાઇ આવેલ. અને તેઓને મળેલ હકીકત આધારે પકડી અટક કરવામાં સફળતા મળેલ છે. જેથી આ જાહેરનામાં અન્વયે અન્ય રાજ્યોમાંથી આવતાં કામદારો-મજૂરોની વિગતો રાખવી ખૂબ જ જરૂરી છે.

વધુમાં આગામી સમયમાં આવનાર તહેવારોને ધ્યાને લઈ, સદરહુ તહેવારો શાંતીથી પૂર્ણ થાય અને અસામાજિક તત્વો/ભાંગફોડીયાની પ્રવૃત્તિ કરતા ઈસમો પોતાના મલીન ઈરાદો પાર ન પાડે તે સારૂ અગમચેતીના પગલાં રૂપે આવા પ્રકારનું જાહેરનામું બહાર પાડવું જરૂરી છે.

આમ, ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ આમ જનતાની સુરક્ષા વ્યવસ્થા સારુ અને ઉપર મુજબના ગંભીર પ્રકારના ગુનાઓ બનતા અટકાવવા તથા આરોપીઓ સુધી સહેલાઈથી પહોંચી શકાય તે સારુ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ સદર કામે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું મેહુલ કે.દવે આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર (ગાંધીનગર શહેર સહિત)ના બિલ્ડરો, હોટલ/રેસ્ટોરન્ટના માલિકો, જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કે અન્ય જગ્યાએ આવેલ કંપની/કારખાના માલિકો, સ્કૂલ/કોલેજના સંચાલકો, કોઈ પણ ધર્મની ધર્મશાળા/ધર્મ સ્થળના સંચાલકો, મલ્ટીપ્લેક્ષ થિયેટર/શોપીંગ મોલના સંચાલકો, દુકાન માલિકો (કે જેઓ પોતાના તાબા હેઠળના કર્મચારી/મજૂર રાખી કામ કરતા હોય), આંગડીયા પેઢીના માલિકો, જ્વેલર્સની દુકાનના માલિકો, કુરીયર કંપનીના માલિકો, કોઈપણ વસ્તુની એજન્સી લેનાર વ્યક્તિ, લેબર કોન્ટ્રાક્ટર રાખનાર વ્યક્તિઓ તેમજ ઘરકામ માટે ઘરઘાટી તરીકે રાખનાર ઘર માલિકોને જ્યારે કોઈપણ વ્યક્તિને મજૂર/કામદાર તરીકે રાખવામાં આવે ત્યારે તે અંગેની જાણ ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવા તથા આ સાથે સામેલ પરિશિષ્ટ-"એ" મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

આ હુકમ તા.૦૫/૦૭/૨૦૨૫ થી તા.૦૨/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારા સહી સિક્કા સાથે હુકમ કરવામા આવ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

પરિશિષ્ટ-એ

મજૂરનું પૂરૂ નામ-સરનામું/ સંપર્ક નંબર	મજૂરનું ગાંધીનગર જિલ્લાનું સરનામું	તેની સાથેના વ્યક્તિની વિગત	જેને ત્યાં મજૂર તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ/ સરનામું (એક થી વધારે હોય તો તમામ)	બાહેધરી અગર જેની ઓળખાણથી મજૂરને રાખેલ હોય તેનું પૂરૂ નામ-સરનામું, સંપર્ક નંબર
૧	૨	૩	૪	૫

અગાઉ મજૂર તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ/ સરનામું	ગાંધીનગર જિલ્લામાં ઓળખીતાના નામ-સરનામા તથા સંપર્ક નંબર	વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતા તેના ભાઈ, બહેન, માતા-પિતાના નામો, સંપર્ક નંબર	પરણિત હોય તો સાસરીનું નામ સરનામું, સંપર્ક નંબર	રસોઈયા (વેઈટર)નું ચહેરા નિશાન, ઉ.વ., ઉચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાનીઓ)	લેબર કોન્ટ્રાક્ટરનું નામ, સરનામું તથા મો.નં.
૬	૭	૮	૯	૧૦	૧૧

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

જાહેરનામું

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું

વંચાણમાં લીધુ:-

(૧) પ્રોજેક્ટ મેનેજરશ્રી SIEMENSના તા.૩૦/૦૬/૨૦૨૫નો પત્રો

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનાઓના તા.૦૫/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./વહટ/રોડ ડાયવર્ઝન/૪૫૩૨/૨૦૨૫

નં.ડીસી/જાહેરનામુ/વશી ૬૪૯૦ થી ૬૫૦૯/૨૦૨૫:- પ્રોજેક્ટ મેનેજરશ્રી SIEMENSના આમુખ-(૧)ના પત્રમાં જણાવ્યાનુસાર અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-II અંતર્ગત SIEMENS કંપનીના દ્વારા ઈલેક્ટ્રીક પેનલ તથા બ્રેકર્સની કામગીરી માટે જી.એન.એલ.યુ., કોબા સર્કલ અને તપોવન સર્કલ મેટ્રો સ્ટેશન ખાતે તા.૦૭-૧૦/૦૭/૨૦૨૫ સુધી પત્રમાં દર્શાવેલ રાત્રીના સમયગાળા દરમ્યાન કામગીરી થનાર હોય છે. તો સદર કામગીરી દરમ્યાન હંગામી રોડ ડાયવર્ઝન આપવા રજૂઆત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨)ના પત્રમાં જણાવ્યાનુસાર અત્રેના જિલ્લાના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન, અડાલજ પો.સ્ટે. તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશનનાઓના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી દ્વારા ચકાસણી કરાવવામાં આવતાં અભિપ્રાય મુજબ (૧) તા.૦૭/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૦૮/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી જી.એન.એલ.યુ. મેટ્રો સ્ટેશન ખાતે (૨) તા.૦૮/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૦૯/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી કોબા મેટ્રો સ્ટેશન ખાતે તથા (૩) તા.૦૯/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૧૦/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી તપોવન સર્કલ ખાતેના મેટ્રો સ્ટેશનએ ઈલેક્ટ્રીક પેનલ તથા બ્રેકર્સનું કામ ઉક્ત સમયગાળા દરમ્યાન કરવામાં આવનાર હોઈ સદર કામગીરી ત્રણેય મેટ્રો સ્ટેશન ખાતે મેટ્રો સ્ટેશનના નીચે બેરીકેડીંગ કરી બેરીકેડના અંદરના ભાગે ક્રેન ઉભી રાખી કામગીરી કરવામાં આવનાર છે તેમજ સદર રોડ ઉપર ટ્રાફિક સીંગલ લેન કરી સીંગલ લાઈનમાં ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ સામેનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે. તથા કોઈ રોડ સંપૂર્ણ પણે બંધ કરવામાં આવનાર નથી. જે અન્વયે આ સાથે સામેલ થાણાં અધિકારીશ્રીના અભિપ્રાયની નકલમાં જણાવ્યાં મુજબનાં વૈકલ્પિક માર્ગ ઉપર ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવે તો યોગ્ય હોવા અંગેનો અભિપ્રાય થાણા અધિકારીશ્રીઓ તરફથી મળેલ છે. જેથી તમામ સૂચનાઓનો ચૂસ્ત પણે અમલ કરવામાં આવે તે રીતે નિયત કરેલ ડાયવર્ઝન આપવામાં આવે તો વાંધા સરખુ નથી તેમ સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨)ના પત્રની વિગતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું એન. આર. શર્મા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે ૧) તા.૦૭/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૦૮/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી જી.એન.એલ.યુ.મેટ્રો સ્ટેશન ખાતે ૨) તા.૦૮/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૦૯/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી કોબા મેટ્રો સ્ટેશન ખાતે તથા ૩) તા.૦૯/૦૭/૨૦૨૫ ના ક.૨૦/૦૦ થી તા.૧૦/૦૭/૨૦૨૫ ના ક.૦૬/૦૦ સુધી તપોવન સર્કલ ખાતે નીચે જણાવેલ રસ્તા પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પ્રતિબંધીત રૂટ/ડાયવર્ઝન રૂટ

- GNLU મેટ્રો સ્ટેશન ખાતે મેટ્રો સ્ટેશનના નીચે બેરીકેડીંગ કરી બેરીકેડના અંદરના ભાગે ક્રેન ઉભી રાખી કામગીરી કરવામાં આવનાર છે. અને સદર રોડ ઉપર ટ્રાફિક સીંગલ લેન કરી સીંગલ લાઈનમાં ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ છે. તેમજ સામેનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે.
- કોબા મેટ્રો સ્ટેશન ખાતે પણ કોબા સર્કલથી તપોવન તરફ જતા રોડ પર કોબા મેટ્રો રેલવે સ્ટેશનના નીચે બેરીકેડીંગ કરી બેરીકેડના અંદરના ભાગે કેન ઉભી રાખી કામગીરી કરવામાં આવનાર છે. અને સદર રોડ ઉપર સીંગલ લાઈનમાં ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ છે. તેમજ સામેનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે.
- તપોવન મેટ્રો રેલવે સ્ટેશનના નીચે બેરીકેડીંગ કરી બેરીકેડના અંદરના ભાગે કેન ઉભી રાખી કામગીરી કરવામાં આવનાર છે. અને સુંદર રોડ ઉપર સીંગલ લાઈનમાં ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ છે. તેમજ સામેનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે કામગીરી દરમિયાન કોઈ રોડ સંપૂર્ણપણે બંધ કરવામાં આવનાર નથી. તેમજ સદર જગ્યાઓએ ટ્રાફિક માર્શલો રાખી ટ્રાફિક નિયમન/માર્ગદર્શન કરાવાશે તેમજ કોઈ દુર્ઘટના ન બને તેની સતત કાળજી રાખવામાં આવનાર છે.

સદર જગ્યાએ રાત્રીના સમયે દેખાય તે રીતેના ડાયવર્ઝન અંગેના જરૂરી સાઇનેઝીંગ બોર્ડ (સાઈનબોર્ડ ૪ ફૂટ × ૬ ફૂટ) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગાડવાની તથા બેરીકેટીંગની વ્યવસ્થા SIEMENS કંપનીએ કરવાની રહેશે.

ઉક્ત કામગીરી દરમિયાન કોઇ અકસ્માત ન સર્જાય તેની તકેદારીના ભાગરૂપે દિવસ/રાત્રી દરમ્યાન કરવાની થતી હોય વિશેષ તકેદારીના ભાગરૂપે ડાયવર્ઝન અન્વયે SIEMENS કંપની દ્વારા ટ્રાફિક માર્શલ હાજર રાખી ટ્રાફિક નિયમન/માર્ગદર્શન કરાવવા સારૂ રાખવાના રહેશે. તેમજ કોઇ દુર્ઘટના ન બને તેની સતત કાળજી રાખવાની રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધ કરવી.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૦૫/૦૭/૨૦૨૫ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

એન. આર. શર્મા

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

BY THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD

NOTIFICATION

No.C.3005/2024

In exercise of powers conferred by Section 3(2)(a) of the Oaths Act, 1969, Articles 225 and 227 of the Constitution of India, Sections 122 and 139 (b) of the Code of Civil Procedure, 1908 (5 of 1908), Sections 523(1)(d) and 333(1)(b) of the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 and all other powers enabling in this behalf, the High Court of Gujarat hereby makes following amendments in 'The Commissioner of Oaths for the High Court of Gujarat Rules, 2024':-

1. Short title and commencement:

   (i) These Rules shall be called "The Commissioner of Oaths for the High Court of Gujarat (Amendment) Rules, 2025". [No.1 of 2025].

   (ii) These Rules shall come into force from the date of its publication in the Official Gazette.

2. Substitute the words "Rule 6" for the existing words "Rule 6(1)" appearing in Form-I, after the word "Under" and before the words "of the".

3. Substitute the words "the Oath Commissioner" for the existing words "affiant" appearing in Form-II in Column No. 10, after the word "of".

4. Substitute the words "Rule 14(1)" for the existing words "Rule 13" appearing in Form-IV, after the word "Under" and before the words "of the".

5. Substitute the words "Rule 15(a)" for the existing words "Rule 14(a)" appearing in Form-V, after the word "Under" and before the words "of the".

6. Substitute the words "Rule 16" for the existing words "Rule 15" appearing in Form-VI, after the word "Under" and before the words "of the".

7. Substitute the letter "V" for the existing letter "VI" appearing in Form-VI, after the words "Form No." and before the word "duly".

8. Substitute the words "Rule 17(1)" for the existing words "Rule 16(1)" appearing in Form-VII, after the word "Under" and before the words "of the".

9. Substitute the words "Rule 17(3)" for the existing words "Rule 16(3)" appearing in Form-VIII, after the word "Under" and before the words "of the".

DATE: JULY 7th, 2025

SANJAY D. SUTHAR,

REGISTRAR GENERAL.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.17 15:29:10 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar